બેનરનું મેટર

॥ શ્રી આદિનાથાય નમઃ॥ ॥ નમો તિત્થસ્સ ॥ ॥ શ્રી નેમિનાથાય નમઃ ॥

નથી જોવાતી, નથી સહેવાતી હીલના તુજ શાસનની,
મા તુજ ખાતર ફના થઈ જાશું, નથી પરવા જીવનની,
આશીષ દે મા જંગ જીતવા કેસરીયા સહુ કરીએ,
એની રક્ષા કરવા કાજે, જીવન અર્પણ કરીએ.

નાડલાઈ તીર્થે ૬૦૦૦ વર્ષ પ્રાચીન પ્રાણપ્યારા શ્રી નેમિનાથ પ્રભુને
ખંડીત કરવાના વિરોધમાં

## ભાયખલા ખાતે

# જંગી જાહેર વિરોધ સભા

સ્થળ : શ્રી મોતીશા લાલબાગ જૈન ચેરિટીઝ, લવલેન, ભાયખલા, મુંબઈ
શુભ મિતિ : માગસર સુદ ૧૧, મૌન એકાદશી, વિ. સં. ૨૦૬૯, સવારે ૯:૦૦ કલાકે
પુણ્યનિશ્રા : પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય શ્રીસૂર્યોદયસૂરીશ્વરજી મ. સા.
પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય શ્રીરાજરત્નસૂરીશ્વરજી મ. સા.
પ.પૂ. મુનિરાજશ્રી વિમલસાગરજી મ. સા., પ.પૂ. શ્રી વિરાગસાગરજી મ.સા. તથા
પ.પૂ. મુનિરાજશ્રી વિનમ્રસાગરજી મ.સા.

શ્રી જિનશાસન ઉપર એક અણધારી આફત આવી પડી છે. પાલી જિલ્લા (રાજસ્થાન) ખાતે નાડલાઈ તીર્થ ઉપર આવેલા ગિરનાર તીર્થ નામે ઓળખાતા આપણા પ્રાચીન તીર્થના પ્રાણપ્યારા શ્રી નેમિનાથ પ્રભુને કારતક વદ ૧૩, તા. ૧૧-૧૨-૧૨ ની રાત્રે કેટલાક અસામાજીક તત્ત્વો દ્વારા દેરાસરના તાળાઓ તોડીને પ્રભુજીના અંગ ઉપરના ચાંદીના ઘરેણાની ચોરી કરીને પ્રભુજીના મસ્તિષ્કને સંપૂર્ણ ખંડીત કરીને ગર્ભગૃહ પાસે મુકવામાં આવેલ છે. છેલ્લા અનેક વર્ષોમાં નહીં થયેલી આવી ગોઝારી ઘટનાએ સમગ્ર જૈન સંઘને વેદનાના ઊંડા વમળમાં ગરકાવ કર્યો છે. આ વેદનાને વાચા આપવા આપશ્રીની હાજરી અત્યંત અનિવાર્ય છે. શાસ્ત્રો કહે છે કે,

ધર્મધ્વંસે ક્રિયા લોપે, સ્વસિદ્ધાંતાર્થ વિપ્લવે ।
અપૃષ્ઠે નાડપિ શક્તેન, વક્તવ્યં તં નિષેધિતુમ્ ॥

એટલે કે ધર્મનો ધ્વંસ થાય, ક્રિયાનો લોપ થાય તે સિદ્ધાંતનો વિપ્લવ થાય ત્યારે જેની પાસે કોઈ પીઠબળ ન હોય તેવા આત્માઓએ પણ કદાચ જીવનભરનું મૌન પણ લીધું હોય તો પણ જાહેરમાં આવીને ખોટી વાતનો નિષેધ કરવાનો શાસ્ત્રએ તેમને કાર્યભાર સોંપ્યો છે. એક હજાર આરાધક કરતા એક પ્રભાવક ચડે છે અને એક હજાર પ્રભાવક કરતા એક રક્ષક ચડે છે. એટલે આરાધના ધર્મ કરતા પણ રક્ષાધર્મ શ્રીસંઘ માટે બહુ ચડિયાતો ધર્મ બતાવ્યો છે. અને અત્યારે એવી પ્રતીતિ થઈ રહી છે કે આ રક્ષાધર્મનો અવસર ઉત્પન્ન થયો છે.

જિન આગમ અને જિન બિંબના બે વૃષભ સ્કંધો ઉપર નભેલા આ જૈન સંઘે આપણા વડવાઓએ આપેલા વારસાને ટકાવવો પડશે. આપણે બચવું હોય તો આ તીર્થોને બચાવવા પડશે.

# યાદ કરો!

- મહામંત્રી શ્રી વસ્તુપાળ તેજપાળની એ ખુમારીને જેણે એક રાજાના મામાએ બાળસાધુને લાફો મારતા, રાજા પાસે જઈને ફરીયાદ નહીં કરતા તેમના મામાના હાથના આંગળાઓ કાપી નાખ્યા હતા.

- શ્રી કપર્દી મંત્રીને જેમણે જૈનત્ત્વની સાબિતી આપતા લલાટ પરના તિલકને ભૂંસવા કરતા તેલમાં ભૂંજાઈ જવું પસંદ કર્યું.

- દાદુ બારોટને જેણે શત્રુંજયના તીર્થની રક્ષા ખાતર મીંઢોળબંધ યુગલોને બલિદાન આપવા સુસજ્જ કર્યા.

આપણી વસ્તુ કે વ્યક્તિ અણધારી છીનવાઈ જાય તો કેવો આઘાત લાગે છે? આપણી અસ્મિતા અને જૈનત્ત્વનું ગૌરવને ઢંઢોળવાનો અવસર આવી પુગ્યો છે. અને સામુહિક લલકાર કરવાનો અવસર પાકી ગયો છે કે,

## સોચને સે કુછ નહીં હોગા, અબ ઘર સે બાહર નીકલના હોગા.

આપના સંઘના લેટરપેડ ઉપર અને વ્યક્તિગત રીતે પણ ઉપરોક્ત ઘટનાનો સખત વિરોધ નોંધાવી રક્ષાધર્મનું મંડાણ કરો.

| | | |
|---|---|---|
| (૧) | મુખ્યપ્રધાન શ્રી અશોક ગેહલોતજી | Email : cmrajasthan@nic.in |
| (૨) | કલેક્ટર, જિલ્લા પાલી શ્રી અંબરીશકુમાર | Email : dm-pal-rj@nic.in |
| (૩) | પાલી, એસ. પી. શ્રીમતી કે. બી. વંદનાજી | Email : sp-pal-rj@nic.in |

આપના વિરોધ પત્રની એક કોપી અમોને પણ પાઠવો. Email : vardhmanparivar@yahoo.com

## મૌન એકાદશીને દિને આપશ્રીના સંઘમાં વિરોધ સભાઓ યોજો

આપશ્રીના સંઘમાં પણ બિરાજમાન પૂજ્ય સાધુ ભગવંતો અને સાધ્વીજી ભગવંતોને નમ્ર વિનંતી કરીને મૌન એકાદશીને દિવસે આ રક્ષાધર્મ માટે સંઘમાં જાહેર સભા કરીને આપણો વિરોધ ઉપરોક્ત સરનામે લાખોની સંખ્યામાં ઈ-મેઈલ કરવા નમ્ર વિનંતી કરીએ છીએ.

**-: આયોજક :-**

**શ્રી નાડલાઈ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નાડલાઈ તીર્થ, જિલ્લો પાલી, રાજસ્થાન.**

**-: નિમંત્રક :-**

**શ્રી મોતીશા લાલબાગ જૈન ચેરિટીઝ, ભાયખલા.**

પ.પૂ. અનંત ઉપકારી પૂજ્ય ગુરુભગવંતશ્રી, પૂજનીય સાધ્વીજી ભગવંતો
તથા સંઘના વહીવટદારોશ્રી

ચરણોમાં ૧૦૦૮ વંદનાવલી સહ પ્રણામ.

બા. જે. : મૌન એકાદશીને દિવસે આપશ્રીના સંઘમાં નાડલાઈ તીર્થે શ્રી નેમિનાથ પ્રભુ પર થયેલા
આઘાતજનક હુમલાનો સખત વિરોધ કરવા જાહેર સભા યોજવા અંગે

આપશ્રીને વિદિત કરતા અત્યંત વેદના થઈ રહી છે કે રાજસ્થાનમાં પાલી જિલ્લામાં આવેલા નાડલાઈ તીર્થ પર કેટલાક અસામાજીક તત્ત્વો દ્વારા શ્રી ગિરનાર તીર્થ નામે ઓળખાતા પર્વત ઉપર ૬૦૦૦ વર્ષ પ્રાચીન શ્રી નેમિનાથ પ્રભુને સંપૂર્ણ ખંડિત કરવામાં આવ્યા છે અને આભૂષણોની ચોરી કરવામાં આવી છે. કારતક વદ તેરસની રાત્રે થયેલી આ ગોઝારી ઘટનાને લગભગ ૧૫ દિવસ પસાર થયા છતા કસુરવારોને પકડવામાં આવ્યા નથી.

આ અંગે રાજસ્થાનની સરકાર ઉપર દબાણ લાવવા પ્રત્યેક સંઘોમાં આ મુદ્દાને લઈને એક વિશાળ વિરોધ સભાનું આયોજન કરવામાં આવે તેવી અમારી નમ્ર વિનંતી છે. અને ભાયખલા ખાતે સમગ્ર જૈન સંઘોના વહીવટદારોની અને શ્રી જિનશાસનપ્રેમી સુશ્રાવક, શ્રાવિકાઓની એક વિરાટ સભાનું આયોજન મૌન એકાદશી તા. ૨૩-૧૨-૨૦૧૨ ના રોજ સવારે ૯:૦૦ કલાકે કરવામાં આવ્યું છે. તે અંગેનું એક પોસ્ટર આ સાથે આપશ્રીના સંઘમાં લગાવવા માટે નમ્ર વિનંતી છે.

આ સાથે રાજસ્થાનના મુખ્ય પ્રધાન, પાલી જિલ્લાના કલેક્ટર અને ડી.એમ. તેમજ ત્યાના સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલિસને વિરોધનો પત્ર લખવાનો એક પ્રસ્તાવિત મુસદ્દો આ સાથે તેમના ઈ-મેઈલ આઈ.ડી. સાથે આપને પાઠવવામાં આવ્યો છે. આ પત્ર અથવા તો આપની ભાષામાં ફેરફાર સાથેનો પત્ર લાખોની સંખ્યામાં ઈ-મેઈલ કરાવીને આપણી વેદનાની વાચા આપવા અમો આપને નમ્ર વિનંતી કરીએ છીએ. રક્ષાધર્મના આ આયોજનમાં આપશ્રીના સાથ અને સહકારની અત્યંત અપેક્ષા સહ.

લિ.
શ્રી નાડલાઈ શ્વે. મૂ. જૈન સંઘના વહીવટદારોની ૧૦૦૮ વંદનાવલી અને
સબહુમાન પ્રણામ સ્વીકારશોજી.

બિડાણ : ઉપર મુજબ.

Proposed draft of to oppose the black incidence of attack on our pious temple and lord Shri Neminathji Prabhu

To
The Chief Minister
Govt. of Rajasthan, Jaipur,
Rajasthan
Email: cmrajasthan@nic.in
Shri Ashok Gehlotji

To
The Collector and DM
Dist. Pali
Rajasthan
Email: dm-pal-rj@nic.in
Shri Ambrishkumarji

To
The Supdt. of Police
Dist. Pali
Rajasthan
Email : sp-pal-rj@nic.in
Smt K. B. Vandanaji

Respected Shri

Re. : Strong Protest against the destruction of Jain Tirthankar Parmatma Shri Neminath Prabhu at Girnar Parvat of Nadlai at Pali District, Rajasthan

Sir we are very sorry to learn the worst news of the century that 6000 year old Jain Tirthankar Prabhuji's Idol has been completely dismantled by unknown persons for the best reasons known to them. It is not as simple as theft of Silver Articles on this pious Idol but you know the reason better why this incidence has happened.

We strongly protest and condemn the above incidence and request on behalf of the whole Jain Sangh that thorough inquiry should be made and the culprit should be caught at the earliest. The whole Jain Sangh is in deep sorrow as if they have lost their own family member. We can't bear such attacks on our temples and pious Idols. Peace loving Ahinsa Premi Jain Community should not be understood in a lighter manner as this is an attack on their most sacred religion.

We request you to kindly take note of this incidence very very seriously and revert back at earliest to update the actions taken by you which shall be highly appreciated from this end.

Thanking you

Yours faithfully